**વડીલોને વંદન**

**અભિનંદન**



વી.એમ.ઠક્કર
(૧૯૪૧)

# વણઝારાના ટ્રાન્સફર વોરંટને મુંબઈની કોર્ટે ફગાવી દીધા

## અગાઉ પણ મુંબઈ કોર્ટે વણઝારાના ટ્રાન્સફર વોરંટ ફગાવ્યા હતા

અમદાવાદ, તા. ૨૨

સીબીઆઈ દ્વારા સસ્પેન્ડેડ આઈપીએસ ઓફિસર ડી.જી. વણઝારાની ઈશરત જહાં નકલી એન્કાઉન્ટર કેસમાં કસ્ટડી મેળવવા માટે મેળવાયેલા ટ્રાન્સફર વોરન્ટને મુંબઈ કોર્ટે ફગાવ્યા હતા. અને કોર્ટે આ વોરંટને પરત મોકલી આપવાનો આદેશ કર્યો હતો. નોંધનીય છે કે મુંબઈ કોર્ટે બીજી વખત સીબીઆઈના ટ્રાન્સફર વોરંટને ફગાવ્યા છે.

આ ટ્રાન્સફર વોરંટ એડીશનલ ચીફ જસ્ટીસ એચ.એસ. ખુટવાડ દ્વારા ૨ મેના રોજ મંજૂર કરવામાં આવ્યા હતા. સીબીઆઈ દ્વારા ઈશરત કેસમાં વણઝારાની તપાસ અર્થે આ ટ્રાન્સફર વોરંટની માંગણી કરવામાં આવી હતી.

હાલમાં સસ્પેન્ડેડ આઈપીએસ ઓફિસર ડી.જી. વણઝારા મુંબઈ કોર્ટની કસ્ટડીમાં છે વણઝારા સોહરાબુદ્દીન શેખ નકલી એન્કાઉન્ટર કેસમાં તલોજા જેલમાં બંધ છે. અગાઉ અમદાવાદ સીબીઆઈ કોર્ટ દ્વારા વણઝારાની કસ્ટડી સીબીઆઈ ઓફિસરને આપવા મુંબઈ કોર્ટને વિનંતી કરવામાં આવી હતી.

સોહરાબુદ્દીન શેખ નકલી એનકાઉન્ટર કેસમાં વણઝરા છ વર્ષથી જેલમાં બંધ છે. સોહરાબુદ્દીન કેસમાં વણઝારાની ધરપકડ ૨૪ એપ્લ વર્ષ ૨૦૦ના રોજ કરવામાં આવી હતી. હાલ વણઝારા પર કોશરબી અને તુલસી પ્રજાપતિની હત્યાનો પણ આરોપ મુકવામાં આવ્યો છે.

સીબીઆઈ દ્વારા ઈશરત જહાં નકલી એન્કાઉન્ટર કેસમાં અત્યાર સુધીમાં આઈપીએસ અધિકારી જી એલ સિંઘલ સહિત છ પોલીસ કર્મીઓની ધરપકડ કરવામાં અવી છે.

સીટી ક્રાઈમ બ્રાંચ દ્વારા અમદાવાદ-ગાંધીનગર રોડ પર ચાર વ્યક્તિને આંતકવાદી હોવાના આક્ષેપ સાથે ગોળીઓથી વીધી નાખવામાં આવ્યા હતા. ઈશરત, જાવેદ શેખ ઉર્ફે પ્રણેશ પિલ્લાઈ, જિશાન ઝોહર અને અમજદઅલી રાણા આંતકવાદી છે અને ૨૦૦૨ના કોમી રમખાણોનો બદલો લેવા ગુજરાતના મુખ્યમંત્રી નેરન્દ્ર મોદીની હત્યા કરવા તેઓ ગુજરાતમાં પ્રવેશ્યા છે તેવા ઈનપુટના આધારે ક્રાઈમ બ્રાંચે આ ચારે વ્યક્તિઓનું એન્કાઉન્ટર કર્યુ હતું.

## જુથ અથડામણના સંદર્ભે સેમોદા ગામે સતત ત્રણ દિવસથી પોલીસ બંદોબસ્ત

પાલનપુર, તા. ૨૨

પાલનપુર તાલુકાના સોનાક્ષા ગામે બાઈક અને કાર વચ્ચે થયેલ અકસ્માતના સંદર્ભે ગામમાં બે કોમ વચ્ચે જૂથ અથડાણ સર્જાતા બન્ને કોમ વચ્ચે જુથ અથડાણ સર્જાતા બન્ને કોમના લોકો ઘાયલ થતા પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બનાસકાંઠા લોકસભાની પેટાચૂંટણીનો પ્રચાર-પ્રસાર ચાલી રહ્યો છે. વહિવટી તંત્ર પણ સમજાગ બની કાર્યવાહી કરી રહી છે. જ્યારે સેમોદ્રા ખાતે થયેલ બે કોમો વચ્ચે થયેલ જૂથ અથડામણના સંદર્ભે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડાએ સેમોદ્રા ગામમાં શાંતિ જળવાય અને કોઈ અનિશ્ચિત બનાવ ન બને તે માટે પોલીસ એસઆરપીના જવાનોનો કાફલો ખડકી દીધો છે. સમગ્ર ગામ પોલીસ છાવણીમાં ફેરવાયું છે. બન્ને કોમો તરફથી થયેલ ફરિયાદના સંદર્ભે પોલીસ ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. જિલ્લા પોલીસ વડાની સતર્કતાને કારણે પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવાતા ગામમાં શાંતિ પ્રવર્તી રહી છે.

# નાદોડા રાજપૂત સમાજની શાળાનું લોકાર્પણ અને જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ઉત્તર ગુજરાત નાડોદા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ પાટણ દ્વારા આગામી તા. ૨૬મી મે ૨૦૧૩ના રોજ પાટણ મુકામે સમાજની નવી શાાના મકાનનું ઉદ્ઘાટન, પ્રવેશ દ્વારાનું લોકાર્પણ, એકત્રીત થયેલ ફંડની અર્પણ વિધિ અને પ્રથમ જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળા અને ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે જ્યારે શૈક્ષણિક સંકુલના પ્રવેશદ્વારાનું લોકાર્પણ રજનભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આશે. ઉપરાંત સંસ્થા દ્વારા બે કરોડના ખર્ચે સાત વિઘા જમીનમાં અક્ષયવાડીનું નિર્માણ થનાર છે. જેમાં મીની સોમનાથ મંદિર, લગ્નવાડી, સત્સંગ હોલ, ઈંગ્લિશ મીડીયમ સ્કૂલ, વ્યવસાયીક માર્ગદર્શન અને તાલીમ કેન્દ્ર તથા કૃષિ મોલના માટે ગામેથી એકત્રીત થયેલ ફંડની અર્પણવિધિનો કાર્યક્રમ દૂધ સાગર ડેરીના ચેરમેન વિપુલ ચૌધરીના હસ્તે થશે. સમાજના આ કાર્યક્રમમાં સમાજના અગ્રણી અને સમાજનું ગૌરવ વધારનાર વિવિધ મહાનુભાવોનુંપણ વિશિષ્ટ સન્માન કરવામાં આવશે.

આ સાથોસાથ પાટણ ખાતે નાડોદા રાજપૂત કન્યા છાત્રાલય પોલીટેકનિકની બાજુમાં પ્રભુમાર્ગ ખાતે તા. ૨૬મી મે ૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૯થી સાંજના ૪ કલાક સુધી આ મેળો યોજાશે. જેમાં રૂ. ૫૦૦ની ફી સાથે રજીસ્ટ્રેશન કરવા નિયત ફોર્મ સંસ્થાની વેબસાઈટ www. nadodarajput samaj. org... પર ડાઉન લોડ કરી શકાશે અને આ અંગેની વધુ વિગત માટે પ્રમુખ રામસિંહ રાજપૂત મો. નં. ૯૪૨૬૮૬૭૭૮૦, મંગી હરિભાઈ મો. ૯૯૨૫૨૪૭૨૭૫, ચાવડા રણછોડભાઈ મો. ૯૯૨૫૨ ૪૭૨૫૧ નો સંપર્ક કરી શકશો.

આ પ્રસંગે વલ્લભભાઈ પટેલ, શંકરભાઈ ચૌધરી, જશાભાઈ બારડ, ભરતભાઈ આર્ય, કમાભાઈ રાઠોડ વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહેશે તેમ આયોજકોએ જણાવ્યું હતું.

## દાણીલીમડા પોલીસે ઘરફોડ ચોરને ઝડપ્યો

અમદાવાદ, તા. ૨૨

દાણીલીમડા પોલીસે ગઈકાલે એક ઘરફોડ ચોરની બાતમીના આધારે ધરપકડ કરી હતી. પોલીસે આરોપી પાસેથી રૂા. ૭૨,૦૦૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે ઓરોપીને બીજી કેટલી ઘરફોડ કરી છે. તે વિશે વધુ તપાસ હાથ ધરી છે. ઘટનાની મળતી માહિતી મુજબ દાણીલીમડા પોલીસને બાતમી મળી હતી કે ઘરફોડ ચોરી કરતો એક આરોપી દાણી લીમડા છુપાયો છે જેના આધારે પોલીસે વોચ ગોઠવી મનોજ પરમાર (રહે.દાણીલીમડા)ની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી મનોજ પાસેથી કુલ રૂા.૭૨,૦૦૦નો ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી મનોજ પોતે ચોરી કરેલો સામાન રામરહીમ ટેકરા નામના વિસ્તારમાં આવેલા નદીના પટમાં ખાડો ખોદીને છુપાવી દેતો હતો અને ધીરે ધીરે વેચતો હતો. પોલીસે તે જગ્યામાંથી માલ કબજે લઈ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શબ્દાવલી - ૫૦૭૧



### આડી ચાવી

૧. રસ્તો ભુલેલુ, અવળે માર્ગે વળેલું (૪)
૩. શાન, મોભો, દમામ (૩)
૫. સહેજ, ઓછું (૨)
૬. આગતા સ્વાગતા (૩)
૭. સુખી વ્યક્તિ કહે અમારે તો ... ને પ્રજા સુખી (૪)
૧૦. નમેલુ (૨)
૧૧. બગડેલું કાઢવું તે, કાઢવો... (૩)
૧૨. અવાડ (૨)
૧૩. નાગ (૨)
૧૪. એક વાદ્ય (૪)
૧૬. મોંઘી નહીં તેવી (૨)
૧૭. વમળ, વર્તુળ (૩)
૧૯. બોટ, નાવ (૩)
૨૦. સારી રીતે સાચવવું તે (૪)

### ઊભી ચાવી

૧. જીવન ગુજારો (૪)
૨. સમારકામ, રીપેરીંગ (૪)
૩. સગવડનું વિરોધી (૪)
૪. મુસ્કુરાહટ (૨)
૮. બળજબરી (૫)
૯. પતિની સેવામાં મસ્ત (૬)
૧૨. સુહાગણ, સૌભાગ્યવતી (૪)
૧૪. ... નાખવો, ઉતારો કરવો (૩)
૧૫. કર્ણને... કુંડળ જન્મજાત મળેલા (૩)
૧૮. પ્રેમ, પ્યાર (૨)

### શબ્દાવલી ૫૦૭૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) મદાર (૩) મલમ (૫) દન (૬) ગફલત (૮) રમ (૧૦) ખપ (૧૨) નકલ (૧૩) ગરિમા (૧૪) નભ (૧૫) યુક્તિ (૧૬) દાપુ (૧૭) વરસ (૧૯) કાજલ (૨૦) જાગરણ

**ઊભી ચાવી :-** (૧) મન (૨) રગ (૩) મલમલ (૪) લત (૫) દરાખ (૭) ફરક (૯) ઉલટપુલટ (૧૧) પગભર (૧૨) નમાયુ (૧૪) નવરો (૧૬) દાજ (૧૮) સજા (૧૯) કાણ

# વિદ્યાર્થી ડુપ્લીકેટ માર્કશીટ માટે અરજીઓ કરી શકશે

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મે-૨૦૧૩માં લેવાયેલ ગુજકેટની પરીક્ષાની માર્કશીટનું આજે વિતરણ કરાયું હતું. આ સાથે જ વિદ્યાર્થીઓ ગુણપત્રમાં અટક, નામ કે ગુણ સહિતની ક્ષતિ રહી ગઈ હોય તે સુધારવા માટે ૩૧મે સુધી શિક્ષણ બોર્ડને અરજી કરી શકશે.

આ ઉપરાંત કોઈ વિદ્યાર્થીની માર્કશીટ ખોવાઈ ગઈ હોય અને ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓ રૂપિયા ૨૦૦ના રાષ્ટ્રીયકૃત બેંકનો સચિવ શ્રી, ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ સેલ, ગાંધીનગરનાં નામના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે અરજી કરી શકશે. જ્યારે વિદ્યાર્થીઓ ઓએમઆર ઉત્તરવહીની ઝેરોક્ષ નકલ મેળવવા માંગતા હોય તેમને ૩૧મે ૨૦૧૩ સુધી શિક્ષણ બોર્ડની કચેરી ખાતે અલગથી અરજી કરવાની રહેશે. જેના માટે વિદ્યાર્થીઓ રૂપિયા ૨૦૦નો ડીમાન્ડ ડ્રાફ્ટ રજુ કરવાનો રહેશે. તમામ પ્રકારની અરજીઓ કરવા માટે વિદ્યાર્થીઓ પ્રવેશપત્રની ઝેરોક્ષ, ગુજકેટની માર્કશીટની ઝેરોક્ષ અને નીયત ફીના રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે અરજી કરવાની રહેશે.

### રહસ્ય અકબંધ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડૉ. વિવેકભાવેનો એસ.ડી.એસ. ટેસ્ટ કરવામાં આવ્યો...! બીજા રાજ્યમાં રહેતા મિત્રના વધુ સંપર્ક જણાતા તેના પણ એસ.ડી.એસ. ટેસ્ટનો નિર્ણય લેવાયો છે. ઉપરોક્ત તમામ વિધિઓ તપાસના નામે થઈ ગયા બાદ પણ હજુ સુધી કોઈ જ પ્રકારની કડી હત્યારા સુધી પહોંચવા માટે પોલીસને મળી શકી નથી. હવે આ ચકચારી હાઈપ્રોફાઈલ હત્યા કેસમાં હત્યારા સુધી પહોંચવા માટે પોલીસ એસ.ડી.એસ. ટેસ્ટના રીપોર્ટની રાહ જોઈ રહી છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગણતરીના દિવસોમાં ટેસ્ટનો રીપોર્ટ આવી જાય તેવી શક્યતા છે...!

### સમરસતા હોસ્ટેલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમૃધ્ધિ, માઈક્રો ક્રેડીટ ફાયનાન્સ યોજના હેઠળ ૫૫૨ લાભાર્થીઓને રૂા. ૨.૭૬ કરોડ, બે લાભાર્થીઓને માલવાહક વાહન માટે રૂા. ૧૧ લાખ, ૩૨૦ લાભાર્થીઓને બેંકેબલ સબસીડી યોજના હેઠળ રૂા. ૩૧.૯૮ લાખ, નાના પાયાના વ્યવસાય માટે ૯ લાભાર્થીઓને રૂા. ૮.૫૫ લાખ તથા એનએસએફડીસી સબસીડી યોજના હેઠળ ૧૯૮૮ લાભાર્થીઓને રૂા. ૧.૯૮ કરોડની લોનના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. નિગમ દ્વારા અમદાવાદ શહેરમાં અનુ.જાતિના લાભાર્થીઓને રૂા. ૨૮ કરોડનું ધિરાણ કરવામાં આવ્યું છે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે રાજ્યના દલિત, આદિવાસી અને બક્ષીપંચ સમાજના વિદ્યાર્થીઓ શહેરોમાં ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે રાજ્યમાં પાંચ શહેરોમાં રૂા. ૬૦૦ કરોડના ખર્ચે સમરસતા હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવશે. રાજનયા દલિત સમાજ અત્યાચારનો ભોગ બને તો કેસ લડવા માટે નિષ્ણાંત વકીલની ફી રાજ્ય સરકાર ચૂકવશે તેવો મહત્વાકાંક્ષી નિર્ણય સરકારે કર્યો છે. વોરાએ ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૧૩માં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા અનુ. જાતિના વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો આપવાનો તેમજ સરસ્વતી સાધના યોજના હેઠળ કન્યાઓને અપાતી સાઈકલ વિતરણમાં અંતરની મર્યાદા દૂર કરવાનો નિર્ણય પણ રાજ્ય સરકારે કર્યો છે. વોરાએ અનુ.જાતિ કલ્યાણની વિવિધ આર્થિક, શૈક્ષણિક વિકાસ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી નિગમ દ્વારા મળેલ ધિરાણનો સદ્ઉપયોગ કરી આર્થિક પ્રગતિ કરવા અનુરોધ કર્યો હતો. ગુજરાત અનુ.જાતિ વિકાસ કોર્પોરેશનના અધ્યક્ષ ઝવેરભાઈ ચાવડાએ જણાવ્યું હતં કે અનુ. જાતિ વિકાસ નિગમ દ્વારા છેલ્લા દસ વર્ષમાં વિવિધ યોજનાઓ હેઠળ અનુ. જાતિ વિકાસ નિગમની વિવિધ યોજનાઓનો લાભ લઈ આર્થિક રૂા. ૧૮૦ કરોડનું ધિરાણ કરવામાં આવ્યું છે. અનુ.જાતિ વિકાસ નિગમની વિવિધ યોજનાઓનો લાભ લઈ આર્થિક રીતે પગભર થવાનું જણાવી નિગમ તરફથી મળેલ ધિરાણને સમયસર ભરપાઈ કરવા તેમણે અનુરોધ કર્યો હતો.





## પાલનપુરમાં યુપીએ સરકારના પુતળા દહન કરતા ભાજપના કાર્યકરોની અટકાયત

આજે કેન્દ્રની વર્તમાન યુપીએ સરકારના ચાર વર્ષ પૂર્ણ થતા આજે સર્વત્ર યુવા ભાજપ દ્વારા યુપીએ સરકારનું પુતળા દહન અને ઉગ્ર દેખાવો યોજાયા હતા. જેને પગલે બનાસકાંઠાના જિલ્લા મથક પાલનપુર ખાતે જોરાવર પેલેસ પાસે યુવા ભાજપના ઉપક્રમે ઉગ્ર દેખાવો સૂત્રોચ્ચાર કરાયા હતા. અત્રે વડાપ્રધાન અને સરકારના પૂતળા દહનના કાર્યક્રમને પોલીસે સમય સૂચકતા વાપરી નિષ્ફળ બનાવતા યુવા ભાજપના જિલ્લા-શહેરના કાર્યકરો વચ્ચે ઝપાઝપીના દશ્યો સર્જાયા હતા. જો કે પોલીસે પૂતળું છીનવી લેતા કાર્યકરો નિરાશ થયા જયારે અમુક કાર્યકર્તાઓ આવેશમાં આવી ગયા હતા. હર્ષ સંઘવીએ પ્રજાને સારું શાસન ન આપી શકનાર કેન્દ્રની યુપીએની ભ્રષ્ટ સરકાર સામે આક્રોશ દેશભરમાં ઉઠયો છે તેમ જણાવી પોલીસ સામે દેખાવો કરતા ૨૫થી વધુ કાર્યકર્તાઓની અટકાયત કર્યાનું જાણવા મળેલ છે.

# રાજ્ય શિક્ષણ વિભાગ ધોરણ ૬-૮નાં પુસ્તક બદલી નાખશે

## શિક્ષણ વિભાગ-ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ જુનથી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી પુસ્તકો બદલવાના નિર્ણય પર મક્કમ

અમદાવાદ, તા. ૨૨

રાજ્યના શિક્ષણ વિભાગે ધોરણ ૬ થી ૮માં ગુજરાતી માધ્યમના પુસ્તકો ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩માં બદલાયા હતા. જેના કારણે જથ્થાબંધ ખરીદી કરનાર વેપારીઓને ત્યાં પુસ્તકો સહીત અભ્યાસક્રમ સલગ્ન સાહિત્યનો રૂપિયા ૪૦ કરોડનો જથ્થો ઉપલબ્ધ છે. તેમ છતાં શિક્ષણ વિભાગ અને ગુજરાત પાઠ્યપુસ્તક મંડળે જુન-૨૦૧૩થી શરૂ તથા શૈક્ષણિક વર્ષથી ધોરણ ૬ થી ૮ના ગુજરાતી માધ્યમના પુસ્તકો બદલવાનો નિર્ણય અગાઉ કર્યો હતો. જેનો વિરોધ થતા પુસ્તકો બદલવાનો નિર્ણય પડતો મુકીને જુના પુસ્તકો સાથે સુધારાની પુરવણી આપવાનું નક્કી થયું હતું. જોકે થોડા દિવસ અગાઉ મળેલ પાઠ્યપુસ્તક મંડળની બેઠકમાં કોઈપણ સંજોગોમાં સંપૂર્ણ પુસ્તકો બદલવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેના કારણે રાજ્યનાં આશરે ૩૦ લાખ વિદ્યાર્થીઓને ફરજીયાત નવા પુસ્તકો ખરીદવા પડે તેવી સ્થિતીનું નિર્માણ થયું છે. એટલું જ નહીં ગત વર્ષે ખરીદાયેલ રૂપિયા ૪૦ કરોડના પુસ્તકોનો જથ્થા પસ્તી થાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

### વેપારી પુસ્તકો વેચવાનો બહિષ્કાર કરવા સુસજ્જ

અમદાવાદ, તા. ૨૨

ધોરણ ૬ થી ૮ના ગુજરાતી માધ્યમના પુસ્તકો હજી ગત વર્ષે જ બદલ્યા હોવા છતાં આગામી શૈક્ષણિક વર્ષથી ફરીથી પાઠ્યપુસ્તકો બદલવાનો નિર્ણય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા લેવામાં આવ્યો છે. આ અંગે બુક સેલએ એસોશિએશનના પ્રમુખ નરેશ શાહે જણાવ્યું હતું કે વેપારીઓ પાસે ઉપલબ્ધ રૂપિયા ૪૦ કરોડનો પાઠ્યપુસ્તકો અને સંબંધિત સાહિત્યનો જથ્થો પસ્તી થઈ જાય તેમ છે. જો પાઠ્યપુસ્તક મંડળ દ્વારા આ પાઠ્યપુસ્તક પરત લીધા વગર નવા પુસ્તકો બજારમાં લવાશે તો બુક સેલર એસોસિએશન પુસ્તકો વેચવાનો બહિષ્કાર કરશે. એટલું જ નહી વેપારીઓ પુસ્તકો વેચવાનું લાયસન્સ પણ સરકારને પરત કરશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ શિક્ષણ વિભાગે તબક્કાવાર પુસ્તકો બદલવાના ભાગરૂપે ગયા ધોરણ ૬ થી ૮ના ગુજરાતી માધ્યમના પુસ્તકો બદલ્યા હતા. હવે જુન ૨૦૧૩થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી ધોરણ ૬ થી ૮ના ગુજરાતી માધ્યમના પુસ્તકો બદલવાનું નક્કી કર્યું હતું. પાઠ્યપુસ્તક મંડળ અને શિક્ષણ વિભાગ દ્વારા એપ્રિલ-૨૦૧૩માં જ પાઠ્યપુસ્તકો બદલવાની જાહેરાત કરી હતી.

જેનો પાઠ્યપુસ્તક મંડળના વિતરકોએ વિરોધ કર્યો હતો. પુસ્તક વિતરકોનો દાવો હતો કે હજી ગયા વર્ષે જ પુસ્તક બદલાયા છે. આવી સ્થિતિમાં જો ફરીથી પુસ્તકો બદલાશે તો વિદ્યાર્થીઓએ ફરીથી નવા પુસ્તકો ખરીદવા પડશે. સાથે સાથે હોલસેલ વિક્રેતાએ ગયા વર્ષે જ ખરીદેલ રૂપિયા ૪૦ કરોડનો પાઠ્યપુસ્તકો અને સંબંધિત સાહિત્યનો જથ્થો પસ્તી બની જશે. પુસ્તક વિક્રેતાઓની રજુઆતને પગલે પાઠ્યપુસ્તક મંડળે ૨૯ એપ્રિલે બેઠક યોજીને સંપૂર્ણ પાઠ્યપુસ્તકો ન બદલતા જુના પાઠ્યપુસ્તકો સાથે સુધારણાની પુરવણી આપવાનું નક્કી કર્યું હતું. આ પછી એકાએક પાઠ્યપુસ્તક મંડળની કારોબારીની મળેલી બેઠકમાં ધોરણ ૬, ૭ અને ૮ના જુના પાઠ્યપુસ્તકો સાથે પુરવણી આપવાનો વિચાર પડતો મુકી નવા જ પાઠ્યપુસ્તકો આપવાનું નક્કી કરાયું છે.

# અમદાવાદમાં એક સાથે નવ વાહનો ટકરાતા ભારે સનસનાટી મચી

## લકઝરી બસના ચાલકે કાબૂ ગુમાવી દેતા અકસ્માતોની હારમાળા સર્જાઈ : બે લોકોને નાની મોટી ઈજા પણ થઈ

અમદાવાદ, તા. ૨૨

અમદાવાદના ઠક્કરનગર વિસ્તારમાં ૨૧ તારીખના રોજ મોડી રાત્રીના સમયે એક લકઝરી બસના ચાલકે કાબુ ગુમાવી બેસતા અકસ્માતોની હરોળ સર્જી દીધી હતી. લકઝરીએ આઠ જેટલા વાહનોને અડફેડે લીધા હતા. આ બનાવના કારણે ઘટના સ્થળે હજારો લોકો એકઠા થઈ ગયા હતા. તેમજ બે વ્યક્તિઓને મામુલી ઈજાઓ થઈ હતી. તેમજ લકઝરી બસનો ડ્રાઈવર બેફામ ડ્રાઈવીંગ કરીને અકસ્માત સર્જીને ક્યાંક પલાયન થઈ ગયો હતો. આ બનાવની જાણ પોલીસને થતા ઓઢવ પોલીસએ વધારે તપાસ આદરી છે.

બનાવને વિગતવાર જોતા ગઈકાલે મોડી રાત્રે અમદાવાદમાં ઠક્કરનગર ચાર રસ્તા નજીક લકઝરી બસના ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો લકઝરી બસે ૯ વાહનોને અડફેટે લેતા ઠક્કરનગર ચાર રસ્તા પર દોડધામ મચી ગઈ હતી. લકઝરીએ એક કાર, બે રિક્ષા, ત્રણ બાઈક, એક બસ અને બે સાઈકલ એમ કુલ ૯ વાહનોને અડફેડે લીધા હતા. અકસ્માતના કારણે હજારો લોકો એકઠા થઈ ગયા હતા. વિફરેલા ટોળાએ બસ પર પથ્થર મારો કર્યો હતો. તેમજ ૨ વ્યક્તિઓ ઘવાયા હતા આ ઘટના બનતા બસનો ડ્રાઈવર બસ મુકીને ભાગી ગયો હતો. આ ઘટનાની જાણ થતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી. આ અંગે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ઓઢવ પોલીસે વધારે તપાસ આદરી છે.

## બાપુનગરમાં એક તરૂણીને દુકાનમાં પુરીને બળાત્કાર

બાપુનગર વિસ્તારમાં રહેતી એક તરૂણી બપોરના સમયે પોતાના ઘરની બહાર કુબેર લેવા નિકળી હતી. તે દરમિયાન એક ૨૧ વર્ષના યુવાને તરૂણીને પકડીને દુકાનમાં લઈ જઈને બારી-બારણા બંધ કરીને યુવતીની ઈચ્છા વિરૂધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. આ અંગેની ફરિયાદ ભોગ બનેલી તરૂણીએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવતા પોલીસએ તપાસ હાથ ધરી છે. બનાવને વિગતવાર જોતા બાપુનગર વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણી તા. ૨૧-૫-૧૩ને બપોરના ૧ વાગ્યાના સુમારે તેના ઘરની નજીક કુબેર લેવા ગઈ હતી. ત્યારે તે દરમિયાન તેના ઘરની બાજુમાં આવેલી દુકાનમાં હાજર ૨૧ વર્ષના યુવાને તરૂણીને ઉપાડીને ઘરમાં લઈ ગયો હતો. અને ઘરના આગળ-પાછળના દરવાજાઓ બંધ કરી તરૂણીની મરજી વિરૂધ્ધ તેની સાથે બળાત્કાર કર્યો હતો. ત્યારબાદ યુવતીને ધમકી આપતા કહ્યું હતું કે આ અંગેની કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાખીશ એવી ધમકી આપી છે. આ અંગેની ફરિયાદ ભોગ બનનાર તરૂણીએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ અંગેની તપાસ પો.સ.ઈ. કે.એફ. કુરેશીએ હાથ ધરી છે.

### ટેન્કર દ્વારા પાણી

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

રાહત કામનો લાભ લઈ રહ્યા છે.

રાજ્યના કોઈ પણ અર્ધઅછતગ્રસ્ત વિસ્તારોમાંથી પશુઓ કે લોકોએ સ્થળાંતર કર્યું છે ? તેવા પત્રકારોએ પૂછેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે ક્યાંયથી કોઈ સ્થળાંતર થયું હોવાના અહેવાલો નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે રાજ્યમાં અપૂરતો અને ઓછો વરસાદ થતાં રાજ્યના ૧૫ જિલ્લાના અંદાજે સાડા ત્રણ હજાર જેટલા ગામડાઓમાં અર્ધ અછતની પરિસ્થિતિ ઉભી થતાં રાજ્ય સરકાર દ્વારા આ અંગેની અનાવારી કરીને બે મહિના અગાઉ આ ગામોને અર્ધઅછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા હતા. તેમજ જે ગામોમાં પીવાના પાણીની તંગી હતી અને કોઈ સોર્સ ન હોતા તેવા ગામોમાં ટેન્કરો દ્વારા પીવાનું પાણી પહોંચાડવાનો નિર્ણય પણ રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો હતો.

**ટચૂકડી જાહેર ખબર**

**વેચવાના છે**

**પ્લોટ તથા ફ્લેટ**

સેક્ટર-૨૮માં ઘ-૬ કોર્નર,
૨૦૦ મીટરનો પ્લોટ તથા
સે.૪ડીમાં ફ્લોટ

**ફોન : ૯૮૨૫૮ ૦૫૧૪૧**

## જય જય ગરવી ગુજરાત કાવ્યસંગ્રહનું વિમોચન

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ હિન્દી ભાષી કવિયાત્રી ઋતુપ્રિયા ખરે રચિત ગુજરાત વિષયક અભિનવ કાવ્યસંગ્રહ જય જય ગરવી ગુજરાત-જીવન હૈ ઉત્સવ જહાંનું આજે ગાંધીનગરમાં વિમોચન કર્યું હતું. મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાતના થયેલા વિકાસની વિશિષ્ઠતાઓને વણી લઈને ૫૦ જેટલા હિન્દી કાવ્યોની કૃતિઓની કોફી ટેબલ બુક તરીકે પ્રકાશિત કરવામાં આવી છે. ગુજરાત વિશે એક બિનગુજરાતી કવિયાત્રી આટલો ગુજરાત પ્રેમ દર્શાવે છે એ માટે નરેન્દ્ર મોદીએ અભિનંદન આપ્યા હતા. આ કાવ્યસંગ્રહના પુસ્તક વેચાણની આવક મુખ્યમંત્રીની કન્યા કેળવણી નિધિમાં અર્પણ કરવાનો સ્તુત્ય નિર્ણય કવિયત્રીએ જાહેર કર્યો હતો. ઋતિપ્રિયાના પતિ ખરે કેન્દ્રીય સેવામાં ગુજરાતમાં ૨૦૦૪ થી ૨૦૦૯ સુધી ફરજરત હતા અને તે દરમિયાન મુખ્યમંત્રીના કુશળ નેતૃત્વમાં ગુજરાતની વિકાસયાત્રાની અનુભૂતિ કરી હતી તેનો આ કાવ્યસંગ્રહ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. માહિતી કમિશ્નર ભાગ્યેશ જહા અને ઋતિપ્રિયાના પરિવારજનો શુભેચ્છકો ઉપસ્થિત હતા.

## જાહેર નિવિદા

**વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા અંગે**

જિલ્લા કલેક્ટર કચેરી, ગાંધીનગર જિલ્લા સેવા સદન, સે.૧૧, ગાંધીનગર હસ્તકની ચૂંટણી શાખાને ડિઝલ સંચાલિત નોન એસી વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં રૂબરૂ અથવા ટપાલથી પૂર્ણ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦થી ૧૩-૦૦ કલાક વચ્ચે તા. ૩૦/૫/૧૩ સુધીમાં કલેક્ટર કચેરી, ચુંટણી શાખા ખાતેથી અરજી સાથે કલેક્ટર અને જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યાથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૩૧/૫/૧૩ના રોજ ૧૫-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે. મળેલ ટેન્ડર તેજ દિવસે ૧૬-૦૦ કલાકે ખોલવામાં આવશે.

**સ્થળ : ગાંધીનગર** — **સહી/-**
**તારીખ : ૨૧/૫/૧૩** — **કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી**
**માહિતી/૩૯૮/૧૩-૧૪** — **ગાંધીનગર**